# વાર્ષિક માસવાર આયોજન

## ધોરણ - ૪

## પર્યાવરણ (પ્રથમ સત્ર)

shikshansagar.com

શિક્ષણ સાગર

The King of Education





આવા દરેક ધોરણના વિષયવાર આયોજન શિક્ષણ સાગર એપ્લીકેશનમાં ઉપલબ્ધ છે.

**જૂન જુલાઈ માસનું પાઠ આયોજન**
**ધોરણ : 4 વિષય : પર્યાવરણ**

**પાઠનું નામ**:

૧. રોજ નિશાળે જઈએ

**અદ્યયન નિષ્પતિ :**

– જોયેલ અને અનુભવેલ (શાળા, પરિવાર, પડોશીની) બાબતો જેમ કે પસંદગી નિર્ણય સમસ્યા નિવારણ વગેરે.

– ભૂતકાળ અને વર્તમાન કાળની વસ્તુ પ્રવૃતિઓ વચ્ચેનો તફાવત સમજે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

– પુસ્તકમાં આપેલ QR કોડ ની સમાજ અને તેનો ઉપયોગ

– શાળા ને જવા માટેના વહાણનું નામ અને તેનો ઉપયોગ

– ગીત દ્વારા વાહનોના નામ

– સિમેન્ટના પુલનો ઉપયોગ તથા તે બનાવવામાં વપરાતા સામાનની જાણકારી

– જુદા જુદા વિસ્તારની પરિસ્થિતિ અને તેની સમાજ તથા તેમા વપરાતા અવાર જવર્ણ વાહનો

– જંગલમાંથી પસાર થતાં રાખવાની તકેદારીઓ

– શારીરિક ખામી વાળ લોકોને પડતી મુશ્કેલીઓ

**શૈક્ષણિક સાધન :**

– મોબાઈલ

– દીક્ષા એપ

– કંપાસ બોક્સ

– વાહનનો ચાર્ટ

– ચિત્રો વિડીયો

**શિક્ષક વિદ્યાર્થીની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને વિદ્યાર્થીઓને પુસ્તક ના પા. નં. ૧ પર આપેલ QR કોડ શું છે તેના ઉપયોગથી એનિમેશન કે વિડીયો દ્વારા તે પાના પર આપેલ મુદ્દાઓની માહિતી જોઈ શકાય છે તે મોબાઇલમાં કરીને બતાવી એક બાળક શાળાએ કેવી રીતે આવે છે તે ચર્ચા કરી શાળા દૂર હોય તો ત્યાં જવા કયા કયા વાહનોનો ઉપયોગ કરી શકાય અથવા થાય છે તે વિદ્યાર્થીઓને પૂછી તેમના જવાબ મેળવી ત્યારબાદ તેમની તે વાહનોના નામની યાદી બનાવવા જણાવીશ. વર્ગ માં વાહનોનો ચાર્ટ બતાવી તેના નામ આપી તથા જુદા – જુદા ભૌગોલિક પરિસ્થિતિ જેવી કે નદી, ડુંગર, રણ, ગામડું વગેરે સ્થળોમાં રહેતા બાળકોને પણ રોજ શાળાએ જવાનું હોય છે તો તે કેવી રીતે રોજ શાળાએ જે છેતે માટે બતાવેલ ચિત્રો દ્વારા નદીમાં બોટ કે હોડી દ્વારા બે ડુંગર વચ્ચે પુલ દ્વારા, રણ માં ઊંટ દ્વારા તથા ગામડામાં બળદ ગાડું કે ઘોડાગાડી દ્વારા તથા ઘણા વિદ્યાર્થીઓ સાયકલ દ્વારા રોજ પોતાની શાળા સુધી આ વાહનોનો ઉપયોગ કરીને પહોંચે છે.

– વિદ્યાર્થીઓને રાગ તાલ બદ્દ ગીત ગવડાવીશ. હવે વિદ્યાર્થીઓની એવી જગ્યાઓ કે જય વાહનો પહોંચાટનથી જંગલ કે પહાડી જગ્યા વગેરે વાત ચિત્ર કે વિડીયો દ્વારા સમજવીશ. તો આવા વિસ્તારમાં ચાલીને જવું પડે છે તેમ ઘણી કાળજી રાખવી પડે છે. કે ડુંગર વચ્ચેથી પસાર થવા પુલ બનાવવો પડેછે તેના માટે વપરાતા પદાર્થો જેવા કે સિમેન્ટ રેતી લોખંડ ના સળિયા વગેરે ચિત્ર બતાવી સમજાવીશ. વિદ્યાર્થીઓને પુલ દોરવા જણાવીશ. કેટલાક જંગલ વિસ્તાર માં રહેતા બાળકોને સ્કૂલ જેવા કે પસાર થવા ઘણી

કલજીઓ રાખવી પડે જેમ કે પસાર થવા ઘણી કાળજીઓ રાખવી પડે જેમ કે કોઈ જંગલી પ્રાણી ન આવી જે કોઈ ખાડા ધારદાર વસ્તુ કાંટા ન વાગે વગેરે કાળજી લેવાની સમાજ આપીશ. જે બાળકો શારીરિક ખામી ધરાવતા હોય તેમણે શાળામાં કેવી મુશ્કેલી પડે તે વિદ્યાર્થીઓને વાત કરીશ. જેમ કે હાથ પગ ના હોય આંખો ન હોય સાંભળી ના શકે આવા બાળકો માટે સહાનુભૂતિ પ્રેમ ભાવ રાખી તેમની મદદ કરવા તેમની હિંમત વધારવા જણાવીશ. વાંચવામાં અભ્યાસનો મુદ્દો સમજાવવામાં જોવામાં સાંભળવામાં કે લખવામાં ખુબજ ઉશ્કેલીઓ આવે તે વાત કરીશ. તમે આંખે પાટો બાંધી મેદાનમાં ચાલી જુઓ તેમ કહીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ**

– વાહનોના નામ સાથે અને સચિત્રપોથી બનાવવાનો પ્રોજેક્ટ

– ચાલવાનો અભિનય

– આંખે પાટો બાંધી ચાલવાની પ્રવૃતિ

**મૂલ્યાંકન**

– વાહનોના નામ લખો

– તમને ગમતા વહાણનું ચિત્ર દોરો

– પુલ ક્ષણો બને છે

– જંગલોમાં શું કાળજી રાખવી જોઈએ

– શારીરિક ખામી ધરાવતા બાળકોની તમે કેવી રીતે મદદ કરશો.

– આ એકમ માં બાળકો કેવા વાહનો રસ્તાનો ઉપયોગ કરી શાળાએ જાય છે તે લખો

**જૂન જુલાઈ માસનું પાઠ આયોજન**

**ધોરણ : 4 વિષય : પર્યાવરણ**

**પાઠનું નામ:**

૨. કાન થી કાન

**અધ્યયન નિષ્પતિ :**

– પક્ષીઓ અને પ્રાણીઓમાં રહેલ વિવિધતા ઓળખે છે

– અવલોકનના આધારે પ્રાણી પક્ષી વનસ્પતિ સાધનો તેમજ બિનઉપયોગી વસ્તુઓનું વર્ગીકરણ કરે છે.

– પક્ષીઓ અને પ્રાણીઓમાં રહેલી વિવિધતા ઓળખે છે

**શૈક્ષણિક મુદ્દા :**

– પુસ્તકમાં ચિત્ર જોઈ કયા પ્રાણીના કાન કોણ માથે દોર્યાં છે તે શોધી પ્રાણી ના નામ લખવા

– કાન જોઈ શકતા હોય અને ના જોઈ શક્યતા પ્રાણીઓન નામ નું વર્ગીકરણ

– પક્ષીઓના નામ ચિત્ર જોઈ ઓળખવા

– કાન ન જોઈ શકતા પ્રાણીઓન નામ

– પ્રાણીઓન ચિત્રો પર ચમડીની ભાત બનાવવી

– કાન દેખાતા પ્રાણીઑ, વાળ વગરના પીંછા વાળા પ્રાણીઑ

– બચ્ચને જન્મ આપતા પ્રાણીઑ

– ઈન્ડ આપતા પ્રાણીઑ

– પાળેલા પ્રાણી વિષે માહિતી

– આપના રાષ્ટ્રીય પક્ષી વિષે.

– રંગીન તથા સફેદ કાગળ થી પક્ષી બનાવવું.

**શૈક્ષણિક સાધન :**

– પ્રાણીના ચિત્રો કે ચાર્ટ

– પક્ષીનો ચાર્ટ

– કમ્પ્યુટર કે મોબાઈલ માં પ્રાણી પક્ષીના વિડીયો

– કાગળ પેન્સિલ કલર બોક્સ

– રંગીન કાગળ કતાર

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

– પાઠ્ય પુસ્તક માં ચિત્ર બટવી કયા પ્રાણી ના કાન કોણ માથે દોર્યાં છે તે વિદ્યાર્થીઓ ને શોધી પ્રાણીના નામ લખવા જણાવીશ. તેમને મદદ કરવા વિચારવાનો સામે આપીશ. ત્યાર બાદ પ્રાણીઓ તથા પક્ષીના ચાર્ટ વિદ્યાર્થીઓને બતાવી તેમના નામ તથા તેના દ્વારા પાઠ્ય પુસ્તક માં આપેલ પ્રાણી ના નામ માંથી કયા પ્રાણીના કાન તમે જોઈ શકો છો અને કયા પ્રાણીના નહીં તે નીચે આપેલ કોષ્ટકમાં વર્ગીકરણ કરાવીશ. વિદ્યાર્થીઓને વધુ સમજ તથા જાણકારી માટે કમ્પ્યુટર માં તથા મોબાઈલ માં પ્રાણી પક્ષી ઓના વિડીયો બતાવી પાઠ્ય પુસ્તક માં આપેલ ચિત્રમાં આ પક્ષીઓના નામ રાખવા જણાવીશ. તેમની માહિતી આપીશ. ચિત્ર જોઈ પ્રાણીઓની ચામડી પરથી તેમના નામ ઓળખવા કહીશ. પાઠ્ય પુસ્તક માં પ્રાણીઓન નામ ની સામે દેખાવ ના આધારે કોષ્ટકમાં નિશાની કરવા વિદ્યાર્થીઓને કહી તે જરૂરી મદદ કરી માર્ગદર્શન આપીશ. કયા ઈન્ડ મૂકે અને કયા પ્રાણી બચ્ચને જન્મ આપે તે વિદ્યાર્થીઓને સમજ આપીશ. આ સમજ આપી કોસત્યકમાં વર્ગીકરણ કરવા જણાવીશ. આપનું રાષ્ટ્રીય પક્ષી મોર વિષે પાંચ વાક્યો બોલવા વિદ્યાર્થીઓને કહીશ. ઘરેથી પક્ષી બનાવવાની પ્રવૃતિ કરાવીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

– કાગળમાં પ્રાણીઓન ચિત્રો પર ભાત બનાવવાની પ્રવૃતિ

– ગમતા પ્રાણીનું ચિત્ર દોરી રંગ પૂરો

– કાગળ માંથી પોતાનું ગમતું પક્ષી બનાવવાની પ્રવૃતિ

**મૂલ્યાંકન**

– પ્રાણીઓ ના નામ ચિત્ર જોઈને લખો

– પક્ષીઓના ચિત્ર જોઈને નામ લખો

– મનપસંદ પ્રાણી કે પક્ષીનું ચિત્ર દોરવું

– સુપડ જેવા કાન કયા પ્રાણી ના હોય છે

– બચ્ચા આપતા તથા ઈંડા મૂકતા બે પ્રાણીઓ ના નામ લખો

– આપણું રાષ્ટ્રીય પક્ષી કયું છે.

| **જૂન જુલાઈ માસનું પાઠ આયોજન** |
|---|
| **ધોરણ : 4 વિષય : પર્યાવરણ** |

**પાઠનું નામ**:

૩. નંદું સાથે એક દિવસ

**અધ્યયન નિષ્પતિ :**

– પ્રાણીઓની વિશિષ્ટ વ્યક્તિઓ અને અસામાન્ય લક્ષણો અને તેમના પ્રકાર, ધ્વનિ અને ખોરાક પ્રત્યેના પ્રતિચારને વર્ણવે છે.

– મોત કે નાના સમૂહમાં રહેતા જેમ કે કીડી, માનખી હાથી વગેરે અને માલ બાંધતા પક્ષીઓના વર્તન અને તેમના જન્મ સ્થળાંતર કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

– નંદું હાથી ની વાર્તા દ્વારા હાથીની માહિતી તેનું વજન, ખોરાક રહેઠાણ આયુષ્ય

– રમત અને મજા પાન નંબર ૧૯, ૨૦, ૨૧ ના પ્રશ્નોના જવાબ

– જુથ માં રાહરવાનું મહત્વ તથા પસંદ ના પસંદ

– પ્રાણીઓ ની જે સવારી કરે છે તથા કરાવે છે તેના નામ

– બહાર ખેચવા તથા વજન ઉચકવા ઉપયોગી પ્રાણીઓ

**શૈક્ષણિક સાધન :**

– હાથીનું ચિત્ર

– મોબાઈલ

– હાર્મોનિયો

શિક્ષણ સાગર

– ઢોલક
– કલર બોક્સ
– જાડા મોટા
– સાઈઝ ના કાગળ

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને નંદું હાથી વિષે વાત કરીશ. હતી વિષે વિસ્તૃત માહિતી વિદ્યાર્થીઓને આપીશ. જેમ કે એક દિવસમાં તે કેટલા કિલો ખોરાક ખાઈ જાય છે તેના બચ્ચને મદનિયું કહેવાય છે. તે નાના હોય ત્યારે ઝાડ માં ફરવાનું પસંદ કરે છે. જેનાથી તેઓ એક બીજાની હૂંફ અનુભવે છે. ખોરાક મેળવવો રોકાવું વગેરે ક્રિયાઓ શીખે તથા જુથ માં રક્ષણ થાય વજન વિષે બાળકોને વાત કરીશ. તથા હાથીને પાણી અને કાદવ માં તેની ચમડીને ઠંડક મળે છે તે વાત સમજાવી. ત્રણ માહિતીનું નંદું હાથી બસો કિલોગ્રામ વજન ધરાવે છે. તો તેવા તમારા જેવા કેટલાક બાળકો ભેગા કરતાં કેટલું વજન થાય બાળકોને ગણિત ગમ્મત પણ કરવી તે ૧૪–૧૫ વર્ષ સુધી ટોળામાં રહે છે. મોટો થઈ ટોળી છોડી દેશે તે સમજાવીશ. પાઠ્ય પુસ્તકમાં પાના નંબર ૨૦ પર ના પ્રશ્નોના જવાબ વિદ્યાર્થીઓની વર્ગ માં બોલવા કહી તથા સમજ આપી લખવા જણાવીશ. બાળકોને જુથમાં કયા કયા પ્રાણીઓ જોયેલા તેના વિષે લખો તેવું કહીશ. તેમને લેખન કરવા આપીશ. બહાર ખેચવા સવારી કરવા કયા પ્રાણીઓનો ઉપયોગ થાય છે તે વર્ગમાં બોલવા જણાવીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ**

– હાથી વિષે બાળગીત
– કલર તથા સફેદ જાડા કાગળ માંથી કાપીને પોતાનો હાથી બનાવવાની પ્રવૃતિ

**મૂલ્યાંકન**

– હાથી વિષે પાંચ વાક્યો લખો
– વાલીઓ પાસેથી પ્રાણીઓ વિષે વર્ગમાં તે બોલો
– હાથીનું ચિત્ર દોરો
– હાથી વિષે બાલ ગીત અભિનય સાથે વર્ગમાં ગાવો.

| ઓગષ્ટ માસનું પાઠ આયોજન |
|---|
| ધોરણ : 4 વિષય : પર્યાવરણ |

**પાઠનું નામ:**

૪. અમૃતાની વાર્તા

**અધ્યયન નિષ્પતિ :**

– આસપાસના વૃક્ષના પાંદડા ડાળીઓ અને તેના પ્રકાંડને ઓળખે છે.
– આસપાસ જોવા મળતી વનસ્પતિના મૂળ ફુલ ફળના સાદા લક્ષણોને ઓળખે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

– આપણા વિસ્તાર તથા ગામમાં જોવા મળતા વૃક્ષો, છોડ
– રાજસ્થાન, જોધપુરમાં આવેલ ખેજડી ગામની વાત
– અમૃતા તેના મિત્ર તથા ગામના લોકોનો વૃક્ષો પ્રત્યેનો પ્રેમ
– ઝાડ વાવવાનું કારણ, મહત્વ
– દિવાલ પર, કૂવામાંની દિવાલ પર વગેરે જગ્યાએ ઉગતા છોડ
– વૃક્ષોનું મહત્વ
– ઉત્તરાખંડમાં વૃક્ષો બચાવવા ચિપકો આંદોલનની વાત
– ખેજડી વૃક્ષની વિશેષતાઓ
– નામશેષ થતા પ્રાણીઓ – પક્ષીઓના નામ અને તેનું કારણ

**શૈક્ષણિક સાધન :**

– બગીચા તથા મેદાન

– ખેતરની મુલાકાત

– કમ્પ્યુટર, google, youtube દ્વારા ફૂલછોડ વૃક્ષોના નામ અને ચિત્રો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

– વિદ્યાર્થીઓને અમૃતાની વાર્તા શરૂ કરતા પહેલા આપણા વિસ્તારમાં તેમણે કયા કયા વૃક્ષો જોયા છે. તે વર્ગમાં બોલાવીશ. તેના નામની યાદી બનાવડાવીશ. વિદ્યાર્થીઓને અમૃતાના રાજસ્થાનના જોધપુરમાં આવેલ ખેજડી ગામની વાત કરીશ. ગામનું નામ વૃક્ષના નામથી પડ્યું તે વાત કરીશ. તે ગામના બાળકો તથા તમામ લોકોના પ્રત્યેનો અને અનન્ય પ્રેમ આ વાર્તામાં દેખાય છે. તેની સમજ આપીશ. ત્યાર બાદ વર્ગમાં વિદ્યાર્થીઓને કેટલાક જેમ કે આપણે ઝાડ કેમ વાવીએ છીએ. તેમ કોઈને છોડવાને પાણી આપતા જોયા છે ? દરેક વિદ્યાર્થીઓના વારાફરતી જવાબ સાંભળીશ. પોતાની રજૂઆત બીજા બાળકો સમક્ષ આપ–લે કરાવીશ. ત્યાર બાદ વિદ્યાર્થીઓને આપણે ન વાવ્યા હોય છતાં પણ ઉગ્યા હોય અને વિચિત્ર જગ્યાએ જેમ કે દિવાલ પર, કુવામાંની દિવાલ, વડ, પીપળો વગેરે છોડ કે ઝાડ ફૂટી નીકળે છે તો તે કેવી રીતે આવ્યા તેની સમજ પ્રશ્નો પૂછીને આપીશ. વાર્તામાં આપણે જોયુ કે રાજાના મહેલ નિર્માણ માટે વૃક્ષ કાપવા આવેલ ઘણા લોકો તે વૃક્ષ ન કાપે માટે પોતે પોતાનો જીવ વૃક્ષને બાથ ભીડીને ગુમાવ્યો. આવા વૃક્ષો પ્રત્યેનો પ્રેમ તે વૃક્ષોનું મહત્વ સમજાવે છે તે વર્ગમાં વિદ્યાર્થીઓને સમજાવીશ. તે આપણને છાયો, લાકડું, ગુંદર, ફળફૂલ તથા સૌથી મહત્વનું તેના થકી વરસાદ આપણને લાવવામાં મદદ કરે છે. બાળકો તેના છાયામાં રમે છે. વાતાવરણ સંતુલિત રાખે છે. ત્યારબાદ ખેજડી ગામના લોકોનો વૃક્ષો પ્રત્યેનો પ્રેમ જોઈ તે ગામને રક્ષિત જાહેર કર્યુ એટલે તેમાં કોઈ વૃક્ષો કાપી ન શકે, પ્રાણીને મારી ન શકે ત્યારબાદ આજે પણ ઘણાં વિસ્તારમાં પ્રાણીઓને મારવા પર તથા વૃક્ષોને કાપવા પર સરકારશ્રી દ્વારા પ્રતિબંધ લાવેલો છે તેનું મહત્વ પણ બાળકોને સમજાવીશ. આવો કાયદો સાથી બન્યો તે વિદ્યાર્થીઓને સમજાવીશ. વિદ્યાર્થીઓને કોઈપણ એક વૃક્ષ વિશે લખવા જણાવીશ. જેમાં તેનું નામ, ફૂલના રંગ, ફૂલ આવવાનો સમય, ફળનું નામ તેનો સ્વાદ, પાંદડા કયારે ખરે, ફળ આવવાનો સમય વગેરે લખવાના મુદ્દા આપીશ. દાદા – દાદીને પૂછવા કહીશ. કે તમે જોયેલા પક્ષીઓ પ્રાણીઓ કે જે અત્યારે ખૂબ જ ઓછા છે. તેનું કારણ વાતાવરણમાં ફેરફાર છે. વિદ્યાર્થીઓની ખેજડી વૃક્ષની વિશેષતાઓ કહી સંભળાવીશ. તથા ઘણી વનસ્પતિ ઔષધ તરીકે પણ ઉપયોગી થાય છે તે મહત્વ પણ સમજાવીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ**

- અલગ – અલગ વૃક્ષોના પાન એકઠા કરી છાપકામની પ્રવૃત્તિ

– કોઈએક વૃક્ષ વિશે આઠ – દસ વાકય લખવાની પ્રવૃત્તિ

**મૂલ્યાંકન**

– તમારા વિસ્તારમાં તમે જોયેલા વૃક્ષોના નામ લખો વૃક્ષો કેવી રીતે ઉપયોગી છે.

– રક્ષિત ગામ એટલે શું તમે જોયેલા કોઈ એક વૃક્ષ વિશે આઠ – દસ વાકય લખો

– ખેજડીના વૃક્ષની વિશેષતાઓ જણાવો

**ઓગષ્ટ માસનું પાઠ આયોજન**

**ધોરણ : 4 વિષય : પર્યાવરણ**

**પાઠનું નામ:**

૫. અનીતા અને મધ માખીઓ

**અધ્યયન નિષ્પતિ :**

– મોટા કે નાના સમૂહમાં રહેતા (જેમ કે કીડી, માખી, હાથી વગેરે) અને માળા બાંધતા પક્ષીઓના વર્ણનો જાણે છે.

– જોયેલા અને અનુભવેલ (શાળા, પરિવાર, પડોશીની) બાબતો (જેમ કે પસંદગી, નિર્ણય, સમસ્યા, નિવારણ વગેરે) જાહેર સ્થળોએ પાણીનો ઉપયોગ

– વિવિધ કૌશલ્યો તેની પરંપરા અને વારસા વગેરેનું મહત્વ વર્ણવે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

– એક સત્યઘટના અનિતા

– ભારતના નકશામાં બિહાર

– દીકરીઓ કે જેને ભણવું છે તેના માટે આદર્શ વાત

– 1 થી 8 ધોરણ RTE મુજબ મફત અને ફરજીયાત શિક્ષણની વાત

– મધમાખીના ઉછેરનો શ્રેષ્ઠ સમયગાળો તથા તેના માટે જરૂરી ચીજવસ્તુઓ

– મધમાખી ઉછેર તાલી

– લીચીના વૃક્ષ, ફૂલ સાથે મધમાખીનો સબંધ

– ભણતરનું મહત્વ

– મધમાખીઓના કામ, નામ

– જૂથમાં રહેતા જંતુ

– કીડી વિશે માહિતી

**શૈક્ષણિક સાધન :**

– ભારતનો નકશો

– મધપુડાનું ચિત્ર

– કમ્પ્યુટરમાં મધમાખીઓ મધપૂડાના રંગીન ચિત્રો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

– વિદ્યાર્થીઓની અનીતાની આ વાત જે ભણતરનું મહત્વ બતાવે છે તે વાત વિદ્યાર્થીઓને કરીશ. સૌપ્રથમ વિદ્યાર્થીઓને ભારતના નકશામાં બિહાર રાજય શોધવા જણાવીશ. અનીતા ભણવા માંગે છે પણ તેના માતા – પિતા ના પાડે છે. ત્યાં શિક્ષક સમજાવે છે કે એક થી આઠ ધોરણ સુધી કોઈ ખર્ચ નહી થાય મફત ભણવાનું છે. તો મફત ભણવાનું શા માટે તેવું વિદ્યાર્થીઓ તેનો શું અર્થ સમજ્યા તે પૂછીશ. RTE મુજબ દરેક બાળકને ધો. ૧ થી ૮ મફત અને ફરજીયાત ભણાવવાનો અધિકાર છે. તે સમજાવીશ. અનીતા મધમાખીઓ ઉછેરવાનો તાલીમ લઈ તેનો ઉછેર ઓકટોબર થી ડીસેમ્બરનો સમય શ્રેષ્ઠ હોય છે તેમાં તે ઈંડા મૂકે છે. ત્યાં લીચીના વૃક્ષો ઘણા હોય છે અને મધમાખીઓને તેનાં ફૂલ ખૂબ જ પસંદ હોય છે. માટે તે જગ્યા મધમાખીના ઉછેર માટે તાલીમ લેવી પડે છે જે અનીતાએ લીધી તેના ઉછેર દ્વારા મધ બજારમાં વેરી કમાણી કરતી અને તેનાથી ભણતી આ વાત સ્વનિર્ભર અને ભણવાની ધગસ બાબતે છે. તે વિદ્યાર્થીઓને સમજાવીશ. અનીતા પોતે ભણી પરંતુ બીજા બાળકોના વાલીઓને પણ પોતાની દીકરીઓને ભણાવવા માટે સમજાવવા લાગી ભણ્યા વગર આ બધુ સમજવું શક્ય હોતું નથી. મધપૂડો વિદ્યાર્થીઓએ શાળાની આસપાસ લાગતો હોય ત્યાં બતાવવા લઈ જઈશ. તેમને કમ્પ્યુટરમાં વિદ્યાર્થીઓને મધપૂડાના જુદા જુદા ચિત્રો મધમાખીઓની માહિતી સમજાવીશ. જેમ કે પૂડામાં એકરાણી માળી હોય છે. જે ઈંડા મૂકે છે. બાકી કામદાર માળી હોય છે. જે ફૂલો શોધી તેમાંથી રસ લેવા જાય છે. અને તેમાંથી મધ બને છે. તેની વિસ્તૃત સમજ આપીશ. વિદ્યાર્થીઓને જૂથમાં રહેતા જંતુઓના નામ પૂછીશ. કીડી, મંકોડા, મધમાખી વગેરે હોય છે.

કીડીઓ પણ જૂથમાં રહે છે તે નાની – મોટી, કાળી, લાલ રંગની વગેરે હોય છે. તેમાં સિપાઇ કીડી દરની રક્ષા કરે છે. જયારે રાણી કીડી ઇંડા મૂકે છે. કામદાર કીડીઓ ખાવા શોધવા અને દરમાં પહોંચાડવાનું કામ કરે છે. ઉધઇ, ભમરા પણ આ જ રીતે રહે છે. તેવી વાત સમજાવીશ. ઉધઇના ચિત્ર તથા કીડીનો દર મેદાનમાં બતાવીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ**

- મગફળીના ફોતરાંમાંથી જીવજંતુઓ બનાવવાની પ્રવૃત્તિ

**મૂલ્યાંકન**

– વર્ષમાં શાળા માટે વસ્તુઓમાં કેટલો ખર્ચ થાય છે ? વસ્તુઓ અને કિંમત લખો.
– ગણવેશનું ચિત્ર દોરો અને તેમાં રંગ પૂરો
– મધમાખીઓ કયાં રહે છે ?
– જૂથમાં રહેતા જીવજંતુઓ કયા કયા છે ?
– મધમાખી વિશે દસ વાકય લખો.
– કીડી વિશે પાંચ વાકયો લખો.

**ઓગષ્ટ માસનું પાઠ આયોજન**
**ધોરણ : 4 વિષય : પર્યાવરણ**

**પાઠનું નામ:** ૬. રિયાની મુસાફરી

**અધ્યયન નિષ્પતિ :**

– પોતાના અવલોકનો અનુભવો વસ્તુઓ અંગેની માહિતી, પ્રવૃત્તિ, મહત્વની ઘટનાઓ કે મુલાકાત લીધેલ સ્થળ (જેમકે મેળાઓ, તહેવારો, ઐતિહાસિક સ્થળો)
– સાઇનબોર્ડ, પોસ્ટર, નાણું નોટ, સિક્કા, રેલ્વે ટિકિટ, સમયપત્રક વગેરે માહિતીનો ઉપયોગ કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

– મુસાફરી કરી હોય તેવા વાહનોના નામ
– મુસાફરી કરતી વખતે રાખવાની સાવચેતી
– ટિકિટનું મહત્વ
– સમયપત્રક જોઇને શીખવું
– ઘડિયાળ જોતાં શીખવું
– રેલ્વે જંકશન તથા રણ અને ત્યાં મીઠાની ખેતી વિશે માહિતી
– ટ્રેનમાં મળતી સગવડો તથા તેનો ઉપયોગ
– રેલ્વે સ્ટેશન પરની સુવિધાઓ
– વિવિધ સ્થળોની વિશેષતાઓ
– રેલ્વે પર માઇકમાં અપાતી સુચનાઓ અંગે માહિતી

**શૈક્ષણિક સાધન :**

– વાહનોનો ચાર્ટ
– રેલ્વે, બસની ટિકિટના ચિત્રો
– ઘડિયાળ
– સાપસીડી, લૂડો, અમદાવાદ બાજીની રમત

**શિક્ષક વિદ્યાર્થીની પ્રવૃત્તિ :**

– આ રિયાની મુસાફરી પાઠમાં વિદ્યાર્થીઓને પૂછીશ કે તમે કયા કયા વાહનમાં મુસાફરી કરી છે ? વર્ગમાં વારાફરતી તેના નામ બોલાવીશ. તેમને વાહનોનો ચાર્ટ બતાવી બીજા વાહનોના ચાર્ગ બતાવી બીજા વાહનોના નામ વંચાવીશ. ચિયા ટ્રેન દ્વારા વાપી અને જીયા દમણ જવાની હતી. તેની વાત કરીશ. હવે ટ્રેનમાં સીટ પર બેસવાની જગ્યા માટે તેમાં અગાઉથી ટિકિટ બુકિંગ કરાવવી પડે તે કેવી રીતે થાય તેની સમજ વિદ્યાર્થીઓને આપીશ. જીયા બીમાર થઇ ગઇ એટલે ફરવા ના જઇ શકી જો ગઇ હોત તો બિમાર અવાસસ્થામાં મુસાફરી કરી હોત તો શું મુશ્કેલી પડત ? તેવા પ્રશ્ન પૂછી વિદ્યાર્થીઓના જવાબ મેળવીશ. મુસાફરીમાં આપણે કઇ – કઇ સાવચેતી રાખવી જોઇએ તેની વિદ્યાર્થીઓને સમજ આપીશ. ત્યારબાદ આપણે મુસાફરી

કરવા માટે જે ટિકિટ લીધી છે તે ટિકિટ ચેકર ચેક કરવા આવે એ તમારી પાસે ન હોય તો દંડ અને સજા થાય છે માટે ટિકિટ સાચવીને રાખવી તેમાં ટ્રેનનું નામ. આવવાનો સમય, ઉપડવાનો સમય, તારીખ વગેરે વિગતો લખેલી હોય છે. જેથી તેનું ખૂબ મહત્વ છે. બાળકોને તેમના માતા – પિતાએ મુસાફરીની સાચવી રાખેલી ટિકિટો વર્ગમાં એકઠી કરાવીશ. ત્યારબાદ રેલ્વે પ્લેટ પર સમયપત્રક પણ મૂકવામાં આવ્યું હોય જે જોતાં શીખવી અને ઘડિયાળમાં બરાબર સમય જોતા પણ વિદ્યાર્થીઓને આપીશ. તથા તેનો ઉપયોગ કેવી રીતે કરવો તે પણ સમજાવીશ. ટ્રેનમાંથી રિયા જે સ્થળોએ જાય તેની વિશેષતાઓ આપણે જાણીશું. રેલ્વે સ્ટેશન પર પણ આપણને ઘણી સુવિધાઓ પ્રાપ્ત થાય છે તે બધી જ વાત વિગતવાર શીખવીશ. વિદ્યાર્થીઓને રેલ્વે સ્ટેશનની મુલાકાત કરાવી ત્યાં માઇકમા અપાતી સૂચનાઓ ત્યાંથી સંભળાવી તેને અનુસરવું તેની વિશે સમજ આપીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

- રેલ્વે બસની ટિકિટો એકઠી કરવાની પ્રવૃત્તિઓ

– સાપસીડી, લૂડો, અમદાવાદ બાજીની રમત

**મૂલ્યાંકન**

– તમે મુસાફરી કરેલ જગ્યાના નામ લખો.

– રેલ્વેની ટિકિટ પર શું લખ્યું હોય છે ?

– મીઠાની ખેતી કયા એન કેવી રીતે થાય છે ? તે કોણ કરે છે ?

– ટ્રેનમાં કઈ કઈ સગવડો હોય છે ?

– રેલ્વે સ્ટેશન પર કઈ કઈ સુવિધાઓ હોય છે ?

– અમદાવાદના પ્લેટફોર્મ પર શું જોયું ? કયા અવાજો સાંભળ્યા ?

**ઓગષ્ટ માસનું પાઠ આયોજન**

**ધોરણ : 4 વિષય : પર્યાવરણ**

**પાઠનું નામ**:

૭. રીયાની ટ્રેનમોડી પડી

**અધ્યયન નિષ્પતિ :**

– પોતાના અવલોકન, અનુભવ વસ્તુઓ અંગેની માહિતી, પ્રવૃત્તિ, મહત્વની ઘટનાઓ કે મુલાકાત લીધેલ સ્થળો (જેમ કે મેળા, તહેવારો, ઐતિહાસિક સ્મારક

– સાઇનબોર્ડ, પોસ્ટર, નાણું, (નોટ / સિક્કા) રેલ્વે ટિકિટ, સમયપત્રક વગેરેની માહિતીનો ઉપયોગ કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

– રેલ્વે ફાટકના નિયમો

– ફાટક ઓળંગતી વખતે રાખવાની સુવિધા સાવધાની

– ટ્રાફિકની સલામતી અને ફરજો વિશે જાણકારી

– ગુજરાતના નકશામાં વિવિધ નદીઓનો પરિચય

– રેલમાર્ગ અથવા સડક માર્ગમાં પુલનું મહત્વ

– નદીમાં પાણી સંગ્રહ માટે ડેમ વિશે માહિતી

– ટનલ વિશે માહિતી

– ભારતના વિવિધ રાજયના અને પ્રદેશોના પહેરવેશ, રહેણીકરણી, બોલી, ખોરાક વિશે માહિતી

– ગામ કે શહેરની વખણાતી વાનગીઓ

– નાના ચિત્ર પરથી સેવકોના નામ અને કામ

**શૈક્ષણિક સાધન :**

– રેલ્વે ફાટકનું ચિત્ર

– ફાટકની મુલાકાત

– ટ્રાફિક સલામતી માટે નિશાની વાળા ચિત્રો
– ગુજરાતનો નકશો
– પુલનું ચિત્ર
– ખીણ નદીમાંથી પસાર થતા રેલમાર્ગના ચિત્ર
– પ્રાદેશિક પહેરવેશનો ચાર્ટ
– મોબાઇલ, કમ્પ્યુટર, યુટ્યુબ દ્વારા વિડીયો.

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

– રિયાની ટ્રેન વડોદરા ઉભી રહી ર કલાક મોડી ઉપડશે. તે વાત કરીશ. રિયાએ પપ્પા સાથે સ્ટેશન પર ટિકિટ બારી, ટિકિટ ચેકરની રૂમ, પ્રતિક્ષા ખંડ, પાર્સલ રૂમ, ટોયલેટ – બાથરૂમ, પીવાના પાણીની સુવિધા, ચા – નાસ્તાની કેન્ટીન વગેરે સ્થળે તેણે મુલાકાત લીધી. તેણે સુવિધાઓના કેટલા ફોટા પાડયા. માઇકમાં સૂચના મળતા ટ્રેન ઉપડી ફાટક પાસેથી પસાર થઇ વિદ્યાર્થીઓને ફાટકના નિયમોની વાત કરીશ. રેલ્વે ફાટકનું ચિત્ર મોબાઇલમાં વિડીયો દ્વારા બતાવીશ. ફાટક ઓળંગતા કઇ રીતે સાવધાની તથા સલામતી રાખવાની તેની વિસ્તૃત સમજ વિદ્યાર્થીઓને આપીશ. આસપાસના ફાટકની મુલાકાત વિદ્યાર્થીઓને કરાવીશ. ત્યારબાદ ટ્રાફિક જામ થયેલું જોયું તો બાળકીને ટ્રાફિકની સલામતી અને તેના નિયમોનું પાલન કરવા તેની વિસ્તૃત માહિતી ચિત્રો બતાવીને કે પોસ્ટર બતાવીને તથા કમ્પ્યુટરમાં વિડીયો ટ્રાફિકનો બતાવીને આપીશ. તેના રંગવાળા નિશાન બતાવીશ. તેનો અર્થ સમજાવીશ. વિદ્યાર્થીઓને ગુજરાતનો નકશો બતાવી તેમાં નદીઓનો પરિચય કરાવીશ. તેના નામ જગ્યા વગેરે સમજાવીશ. ટ્રેન જે જગ્યાઓથી પસાર થઇ ત્યાં નદી, ડુંગર વગેરે હોય તો તેમાંથી પસાર થવા માટે વાહન વ્યવહાર માટે આવન – જાવન માટે પુલ બનાવવો પડે છે. ત્યાર બાદ વિદ્યાર્થીઓને તેમણે જોયેલ નદીઓના નામ પૂછી તથા તેમાંથી જે નદી પર ડેમ દ્વારા વીજળી ઉત્પન્ન કરવા, પાણી સંગ્રહ કરવા જરૂરીયાત મુજબ છોડવા વગેરેમાં ઉપયોગ થાય છે. તેની વિસ્તૃત સમજ આપીશ. ત્યાર બાદ ટ્રેન ડુંગરા વાળા વિસ્તાર નદી વગેરે જગ્યાએથી પસાર થાય છે. ત્યાં ટનલ બનાવવામાં આવે છે તે ચેનલના ચિત્રો કે વિડીયો દ્વારા બાળકોને સમજ આપીશ. વિદ્યાર્થીઓ ભારતના જુદા – જુદા રાજ્યો લોકો દ્વારા પહેરાતા અલગ – અલગ પહેરવેશ તેમની રહેણીકરણી તેમની ભાષા બોલી તે શું ખાય તેના ફોટા કે વિડીયો બતાવી તેની માહિતી આપીશ. વિદ્યાર્થીઓને પૂછીશ કે તમે બીજા પ્રદેશમાં ગયા હોય તો ત્યાંની ભાષા તમે સાંભળી છે તે ભાષા તમે બોલવાનો પ્રયત્ન કર્યો છે. જુદા –જુદા વિસ્તારમાં વખાણાતી વાનગીઓ અને વસ્તુઓના નામ વિદ્યાર્થીઓને પૂછીશ. પુસ્તકમાં આપેલ ચિત્ર વિદ્યાર્થીઓને બતાવી તેમના નમા તથા કાર્ય તેમને પૂછીશ. તેમની સાથે ચર્ચા કરીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ**

- પૂઠા પર ટ્રાફિકના સિગ્નલ દોરવાનો પ્રોજેક્ટ
– ટ્રાફિક સલામતીના પોસ્ટર બનાવવાની પ્રવૃત્તિ
– ટ્રાફિક નિયમોના પોસ્ટર બનાવવાની પ્રવૃત્તિ
– આપણા તથા અન્ય વિસ્તારની વખણાતી વાનગી તથા ચીજ વસ્તુઓના નામનો પ્રોજેક્ટ

**મૂલ્યાંકન**

– રિયાએ સ્ટેશન પર કયા કયા સ્થળની મુલાકાત લીધી ? રિયાએ ફાટક પાસે શું શું જોયું ?

– તમારા વિસ્તારમાં કઇ કઇ નદીઓ આવેલી છે ?

– રિયાની ટ્રેન કઇ કઇ નદીઓના પુલ પરથી પસાર થઇ ?

– પુલ શા માટે બનાવવામાં આવે છે ?

– તમારા અને આસપાસના વિસ્તારની વખણાતી વાનગી કે ચીજ વસ્તુઓની યાદી બનાવો.

– પુસ્તકમાં આપેલ સેવકોના ચિત્રો જોઇ તેમના નામ અને કાર્ય જણાવો.

**સપ્ટેમ્બર માસનું પાઠ આયોજન**

**ધોરણ : 4 વિષય : પર્યાવરણ**

**પાઠનું નામ**:

૮. રીયા પહોંચી મામાના ઘર

**અધ્યયન નિષ્પતિ :**

– ભૂતકાળ અને વર્તમાન કરલ ની વસ્તુઓ અને પ્રવૃતિઓ વચ્ચે તફાવત સમજે છે.

– ગુણધર્મો અને સંજોગોના આધારે અંતર સામે વજન સમયગાળો અંગે પ્રમાણિત અને બિન પ્રમાણિત એકમો સંદર્ભે અનુમાન કરે છે તથા સદા અને હાથ વગા ઉપાયો દ્વારા કાર્યકારણ સબંધ ની ચકાસણી કરે છે.

– પોતાના અનુભવો, અવલોકન, વસ્તુઓ અંગેની માહિતી પ્રવૃતિઓ મહત્વની ઘટનાઓ કે મુલાકાત લીધેલ સ્થળ જેમ કે મેળાઓ તહેવાર, ઐતિહસિક સ્થળો અંગે અલગ રીતે નોંધ કરે છે તથા પ્રવૃતિઓ અને આ સાધારણ ઘટનાઓની આગાહી કરે છે.

– સાઇન બોર્ડ, પોસ્ટર, નાણું, રેલવે – ટિકિટ, સામે પત્રક વગેરે માહિતીનો ઉપયોગ કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

– વર્તમાનમાં મુસાફરીના સાધનો, અધ્યતન જગ્યાઓ જુવે જાણે.

– દરિયા કિનારે, નદી, જોવાલાયક બીચ, ટિકિટ કયા લેવાની

– સવારી કે મુસાફરી દરમિયાન રાખવાની કાળજી

– ટિકિટનું મહત્વ તેનો અભ્યાસ તથા ઉપયોગ

– રેલવે ના સામે પત્રકનું મહત્વ ઉપયોગ

**શૈક્ષણિક સાધન :**

– વાહનોનો ચાર્ટ

– દરિયાના ચિત્રો

– રેલવે સ્ટેશનની મુલાકાત

– ગુજરાતનો નકશો.

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને રીયા તેના મામાના ઘરે ટ્રેન માં તથા રિક્ષામાં બેસીને પહોંચી તે વાત કરીશ. વિદ્યાર્થીઓ પોતે કયા કયા વાહનોમાં મુસાફરી કરી છે તે પૂછીશ. એ સામે નું અને અત્યારના વાહન વ્યવસ્થાની તેમજ તેમાં પડતી મુશ્કેલીઓની સમજ બાળકોને આપીશ. જોવા લાયક સ્થળો વિષે વિદ્યાર્થીઓને પૂછીશ. અને ચર્ચા કરીશ. દમણના બીચ પર હોળીમાં ઊંટ સવારી, ઘોડા સવારી ની જેમ વિદ્યાર્થીઓએ શનિ સવારી કરી છેતે પૂછીશ. અને કયા ટિકિટ લેવી પડે તે પૂછીશ. અને સમજ આપીશ. સવારી તથા મુસાફરી દરમિયાન શું સાવચેતી તથા કાળજી રાખવી તેની વિસ્તૃત સમજ આપીશ. ત્યાર બાદ ટિકિટનું મહત્વ શું છે તેનો ઉપયોગ કેવી રીતે થાય તે ટિકિટનું મહત્વ શું છે તેનો ઉપયોગ કેવી રીતે થાય તે ટિકિટ બતાવીને વિદ્યાર્થીઓ ને સમજવીશ.

– વિદ્યાર્થીઓને કચ્છ એક્સપ્રેસનું પાઠ્ય પુસ્તકમાં સમય પત્રક કેવી રીતે વંચાય તે સ્થળ, સમય, તારીખ, કી. મી., અંતર, ભાડું વગેરે માહિતી દરેક વિદ્યાર્થીઓની વારાફરતી બોલાવી તેના દ્વારા ગાણિતિક પ્રવૃતિ કરાવીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ**

– રેલવે સ્ટેશન ની મુલાકાત કરી સમય પત્રક બનાવવાનો પ્રોજેક્ટ

– સમય પત્રક દ્વારા ગાણિતિક પ્રવૃતિ

**મૂલ્યાંકન**

– દમણના બીચનું નામ શું હતું ?

– રિયાએ દરિયા કિનારે શેના પર સવારી કરી ?

– રેલવે નું સમય પત્રક શા માટે ઉપયોગી છે ?

– કયા કયા વાહનોમાં મુસાફરી કરવા ટિકિટ ખરીદવી પડે ?

**સપ્ટેમ્બર માસનું પાઠ આયોજન**

**ધોરણ : 4 વિષય : પર્યાવરણ**

**પાઠનું નામ:**

૯. બદલાતા કુટુંબો

**અધ્યયન નિષ્પતિ :**

– વિસ્તૃત બનતા કુટુંબના સભ્યો સાથે પોતાના અને સભ્યોના પરસ્પરના સબંધો ને ઓળખે છે.

– મોત કે નાના સમૂહમાં રહેતા પ્રાણીઓ અને માલ બાંધતા પક્ષીઓ ના વર્તનોને તેમજ જન્મ, લગ્ન અને સ્થળાંતરને કારણે કુટુંબમાં થતાં ફેરફારોને સમજાવે છે.

– રોજિંદા જીવનમાં ખેતી, બાંધકામ, કલા અને હસ્ત કલા ઉદ્યોગ જેવા વારસાગત રીતે મળેલા વિવિધ કૌશલ્યો તેની પરંપરા અને વારસો વગેરે નું મહત્વ વર્ણવે છે.

– સ્વાસ્થ્ય તથા સ્ત્રોતો પુન: કરકસરયુકત ઉપયોગ અંગેના ઉપાયો સૂચવે છે અને વિભિન્ન સજીવો તથા વિવિધ સ્ત્રોતો ની કાળજી લે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

– ચિત્રોના આધારે કુટુંબોની વિવિધ જાણકારી

– કુટુંબમાં નાના બાળકોનો જન્મ તથા ઘરમાં ઘણી બાબતોમાં આવતા ફેરફાર

– જન્મેલા બાળક વિષે પ્રશ્નોત્તરી દ્વારા માહિતી

– બદલી – બઢતી જેવા કારણોસર બીજા સ્થળે રહેવા જતાં તૈયારીઓ શાળામાં વિદ્યાર્થિની વિગતો

– ઘર માં લગ્ન પ્રસંગથી થતાં કુટુંબના સભ્યો અને અન્ય ફેરફારોની ચર્ચા – પ્રશ્નો– કારણો

– લગ્ન પ્રસંગમાં ગવાતા ગીતો તથા નૃત્ય વિષે જાણકારી

– વાદીઓ સાથે વાતચીત દ્વારા પાઠ્ય પુસ્તક માં ના કોષ્ટકની વિગતો

– કુટુંબ વૃક્ષ દોરવું શાળા માં

– વિદ્યાર્થીઓને પ્રશ્નો પૂછવા

– ડ્રોપ આઉટ બાળકો ના જીવનમાં પડતી મુશ્કેલીઓ વિષે ચર્ચા

– લગ્નની ઉમર કાયદાકીય રીતે

**શૈક્ષણિક સાધન :**

– મોબાઈલ, યુટ્યુબમાં ચિત્ર, વિડીયો

– લગ્નની કંકોતરી, ફોટા જુથ ચર્ચા

– બાળકોના ફોટા, ગુંદર

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

– પાઠ્ય પુસ્તકમાં કિરણ સુમી અને દિપાલી ના કુટુંબના ચિત્રો આપ્યા છે. વિદ્યાર્થીઓ સાથે ચિત્રો બતાવી વાત કરીશ તેમ કિરણને નાની બહેન જન્મી છે તેના કારણે તેના કુટુંબમાં ઘણા ફેરફારો જોવા મળે છે. જેમ કે મમ્મી ના કામ, બેનને સાચવવી, તેની ખરીદી, દવાખાનના ખર્ચ વગેરે વિદ્યાર્થીઓને સમજ આપીશ. જ્યાં નાનું બાળક જન્મ્યું હોય તેવા કુટુંબની જાકારીને લગતા પ્રશ્નો ના ઉત્તર વર્ગમાં કરીશ.

– પાઠ્ય પુસ્તક માં બાળકોનું ચિત્ર દોરવા અથવા ફોટો ચોંટાડવા વિદ્યાર્થીઓને કહીશ. ત્યારબાદ સુમિની વાર્તા માં તેના પિતાને નોકરીમાં બઢતી મળતા તે બહારગામ રહેવા જશે. તો કેવી તૈયારીઓ કરશે. કઈ શાળામાં

ભણશે. જેવી અનેક બાબતોની વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ આપણી શાળા માં કોઈ બીજા શહેર કે ગામ થી આવેલ વિદ્યાર્થીઓ વિષે જાણી તેની નોંધ કરવા જણાવીશ. ત્યારબાદ દિપાલી ના બેનના લગ્નથી તેમણઘરે પણ કયા ફેરફાર થશે તે ચિત્ર બનાવી ચર્ચા કરીશ. તેના પ્રશ્નોની વાત કરી જુદા જુદા પ્રતિભાવ મેળવીશ.

– વિદ્યાર્થીઓને તેમની મોટા તથા કાકી સાથે લગ્ન વિષે વાત કારીતે લગ્ન પહેલા કયા રહેતા હતા તે સમયે તેમના કુટુંબમાં કયા કયા સભ્યો હતા વગેરે વિદ્યાર્થીઓ સાથે જુથ ચર્ચા કરી લગ્નમાં શું શું કરવામાં આવે છે તે વિષે ચર્ચા કરીશ. અલગ અલગ કારણોસર કિરણ, સુમી, દિપાલીના કુટુંબ માં ફેરફાર થાય તે કારણો લખવા તથા બોલવા વિદ્યાર્થીઓને વારાફરતી કહીશ. લગ્ન પ્રસંગ માં ગવાતા લગ્નગીતો, ગરબા તથા નૃત્ય જેમ કે ડોસલો નૃત્ય, મોરિયો નૃત્ય વગેરે ગીતો વિષે વિદ્યાર્થીઓને પૂછીશ. ત્યારબાદ વિદ્યાર્થીઓને પોતાના કુટુંબ, પાડોશી અને મિત્રોનો કુટુંબ વિષે માહિતી પાઠ્ય પુસ્તકના કોષ્ટકમાં ભરવા જણાવીશ. વિદ્યાર્થીઓના કુટુંબમાં શું ફેરફાર થાય કે થવાના છેતે દરેક ને વારાફરતી પૂછીશ. વર્ગમાં ચર્ચા વાતચીત કરીશ. દરેક વિદ્યાર્થી શાળામાં ભણીને શું બનવા માંગે છે ? તેમના ઘરમાં સૌથી વધુ કોણ ભણ્યુ છે ? કોણ ઓછું ભણ્યુ છે ? જેવા પ્રશ્નો પૂછીશ. લગ્ન માટે છોકરી ને ૧૮ વર્ષ છોકરાને ૨૧ વર્ષની ઉંમર ઓછા માં ઓછી હોવી જોઈએ તે વાત સમજાવીશ. ત્યાર બાદ જે બાળકો અધૂરા ભણતરે શાળા છોડી ને ગયા છે તેમણે કેવી મુશ્કેલીઓ પડે છે તે કયા છે, અત્યારે શું કરે છે વગેરે ચર્ચા વિદ્યાર્થીઓ સાથે કરીશ. અને અભ્યાસનું માહત્વ સમજાવીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

– કુટુંબ વૃક્ષ દોરવાની પ્રવૃતિ

– બાળક નું ચિત્ર દોરવા ની પ્રવૃતિ

**મૂલ્યાંકન**

– કુટુંબમાં સભ્યોનો વધારો કે કમી જેવા ફેરફરોના કારણો લખો

– તમે જાણતા હોય તેવા કુટુંબના નાના બાળક ની વિગતો લખો

– બાળક નું ચિત્ર દોરો

– લગ્ન કરવા છોકરો, છોકરીની કેટલી ઉંમર હોવી જોઈએ ?

– લગ્ન પ્રસંગમાં શું કરવામાં આવે છે ?

– લગ્નમાં તમે જાણતા નૃત્ય કે ગીતો ના નામ લખો

– શાળામાં ભણતર છોડી દેતા વિદ્યાર્થીઓને શું મુશ્કેલી પડે છે ?

## સપ્ટેમ્બર માસનું પાઠ આયોજન
## ધોરણ : 4 વિષય : પર્યાવરણ

**પાઠનું નામ:**

૧૦. કબડ્ડી કબડ્ડી કબડ્ડી

**અધ્યયન નિષ્પતિ :**

– ભૂતકાળ અને વર્તમાન કલ ની વસ્તુ અને પ્રવૃતિઓ વચ્ચેનો તફાવત સમજે છે (દા. ત. વાહન વ્યવહાર, ચલણ, સામગ્રી, સાધનો, કૌશલ્યો, ખેતી, બાંધકામ વગેરે)

**શૈક્ષણિક મુદ્દા :**

– રામતોનું મહત્વ

– રમત દ્વારા જીવન વ્યવહારમાં અને ચોક્કસ નિયમો અને તેના મહત્વ અંગે ચર્ચા

– કારણમ, મલેશ્વરીની વાત

– સરિતા ગાયકવાડ ની વાત

– ત્રણ બહેનોની વાત દ્વારા રમતની સમાન તક વિષે ની વાત

– રામતોના ફાયદે

**શૈક્ષણિક સાધન :**

– પી. ટી. ઉષા વગેરે મહિલા ખેલાડીઓના ચિત્રો

– મોબાઈલ માં જુદી જુદી રમતી રમતો ના વિડીયો

– રમતના સાધનો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

– કબડ્ડી નું પાઠ્ય પુસ્તક માં વાંચન કરી શ્યામલા, રોજીના સંવાદોની સમજ આપી ત્યારબાદ કબડ્ડી ખૂબ જ લોક પ્રિય રમત છે તેના વિષે બાળકો સાથે વિસ્તૃત ચર્ચા કરી સમજ આપીશ. રમતો માં દેશી રમતો રમવાથી આપના શરીર ને કસરત મળે, શરીર સુડોળ બને, મજબૂત થાય વગેરે જેવા ફાયદા બાળકોની સમજાવીશ. તથા આપણું ધ્યાન, વિચારશક્તિ, તર્ક શક્તિમાં પણ વધારો થાય તે વિદ્યાર્થીઓને સમજાવીશ.

– રમત થી જીવન વ્યવહાર માં પણ રમત જેવા ચોક્કસ નિયમો આપણે અનુસારી ને તે ખૂબ જ સકારાત્મક તથા મુશ્કેલી રહિત જીવન જીવી શકાય છે. તેની ઉ. દા. આપી વિદ્યાર્થીઓને સમજ આપીશ. કરમણ, મલેશ્વરી તથા સરિતા ગાયકવાડ જેવા મહાન ખેલાડીઓની વાત કરીશ. તથા ત્રણ બહેનો જવાલા, લીલા અને હીરા ની વાત કરીશ. તેમને સમજાવીશ. કે સ્ત્રી કે પુરુષ ને રમત માં સમાન તકો પ્રાપ્ત થવી જોઈએ જે પહેલાના સમયમાં મળતી ન હતી.

– વિદ્યાર્થીઓ ને શિક્ષક માં શ્વાસ રોકીને કબડ્ડી બોલતા કેટલો સમય જાય, તે કેટલો સમય શ્વાસ રોકી શકે તેવી પ્રવૃતિ કરાવીશ. આ સિવાય કબડ્ડી વિષે વધુ વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરીશ. તેમ આઉટ થવું, કેવી રીતે આઉટ કરવું, રમતમાં આવનાર બીજા ને અડવા જાય કેવી રીતે પોઈન્ટ લાવવો તેવી અન્ય કબડ્ડી વિષે બાળકોને ચર્ચા કરીશ. કબડ્ડી ના જુદા જુદા નામ બાળકોને ચર્ચા કરી સમજાવીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ**

– જુદી જુદી રમત ના ખેલાડીઓ ના ફોટા અને રમત ની પોથી નો પ્રોજેક્ટ

– શ્વાસ રોકો કબડ્ડી બોલતા કેટલો સમય સ્વસ રોકાઈ તે પ્રવૃતિ

**મૂલ્યાંકન**

– કબડ્ડી ની રમત માં એક ટીમ માં કેટલા ખેલાડી હોય છે ?

– કબડ્ડી ને જુદા નૂડ રાજ્યો માં કયા કયા નામ થી ઓળખાય છે ?

– કબડ્ડી માં કુલ કેટલા ખેલાડીઓ રમે છે ?

## ઓક્ટોબર માસનું પાઠ આયોજન

## ધોરણ : 4 વિષય : પર્યાવરણ

**પાઠનું નામ**

૧૨. બદલા તો સમય

**અધ્યયન નિષ્પતિ :**

– સ્વાસ્થ્ય તથા સ્ત્રોતો પુન: અને કરકસરયુક્ત ઉઓયોગ અંગે ના ઉપાયો સૂચવે છે અને વિભિન્ન સજીવો (દા. ત. વનસ્પતિ, પ્રાણીઓ, વડીલો અને દિવ્યાંગ વ્યક્તિ) તથા વિવિધ સ્ત્રોતો દા. ત. ખોરાક, પાણી અને જાહેર મિલકતોની કાળજી છે.

– ભૂતકાળ અને વર્તમાન કલની વસ્તુ અને પ્રવૃતિઓ વચ્ચે નો તફાવત સમજે છે. (દા. ત. વાહન – વ્યવહાર, ચલણ, સામગ્રી, સાધનો, કૌશલ્યો, ખેતી બાંધકામ વગેરે)

**શૈક્ષણિક મુદ્દા :**

– વડીલોના અનુભવદ્વાર સમજ, જાણકારી

– ભારત પાકિસ્તાન ભાગલા થી સ્થળાંતર ની વાત

– આઝાદી ની વાત

–સ્થાનિક મળતી સામગ્રી ની ચર્ચા

– સમય ના બદલાવ સાથે ઘરોમાં ફેરફાર, વધુ બદલાવોની વાત

– ગામના વડીલો ની મુલાકાત

– બાંધકામ ના સ્થળે મુલાકાત

– સમય બદલાતા વસ્તુઓનો ઉપયોગમાં આધુનિકતા

**શૈક્ષણિક સાધન :**

– મોબાઈલમાં કે કમ્પ્યુટર માં આઝાદીનો વિડીયો, ચિત્રો

– ભારત અને પાકિસ્તાન નો નકશો

– ગામના વડીલો ની મુલાકાત

– બાંધકામ ના સ્થળે મુલાકાત

– વ્યવહારકારો ના ચિત્રો

– વિવિધ અધ્યતન તથા જૂની ઇમારતો ના ચિત્રો, વિડીયો મોબાઈલ માં કે કમ્પ્યુટર માં

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને બ્રિટીશન રાજ માંથી કેવી રીતે આઝાદી મળી તે વાત કરીશ. ભાગલા પડતાં ભારત તથા પાકિસ્તાન બે દેશ અલગ પડ્યા અને તેવિસ્તાર વહેચાતા ઘણા લોકો ને મોટું સ્થળાંતર કરવું પડ્યું તે વાત કરીશ. મોબાઈલ કે કમ્પ્યુટર માં આઝાદી નો વિડીયો બતાવીશ. ભારત – પાકિસ્તાન નો નકશો બતાવીશ. ગામ ના વડીલો સાથે વાતચીત કરી તેમના અનુભવ સાંભળીશું. નિલભાઈ એ તે સમયે ઘર બનાવવા માટે માટી, છાણ, લીમડાના લાકડા, ભૂસું, સહન ના કોઠાલ વગેરે થી ઘર પાટણ ના સમી તાલુકા માં બનાવ્યું હતું. તે વાત કરી સમજાવીશ. આપના ઘરો માં કઈ કઈ સામગ્રી વપરાય છે તે વિદ્યાર્થીઓને જાણી લાવવા કહીશ.

– સમય જતાં નિલભાઈ ના તથા આપનાઘરો માં જે ફેરફાર હે તે વાત કરીશ. તેમ વપરાતી સાધન સામગ્રી ની વાત કરી સમજ આપીશ. બેલ કે જે દરિયા કિનારે ખનો માંથી નીકળતો એક પત્થર છે તે સમજ આપીશ. અત્યારે અત્યાધુનિક ઘર મકાન બને છે તેમ જુદા જદૂય વ્યવસેકરો દ્વારા જુદી જુદી સુવિધા માટે ના સાધનો ફિટ કરવા માં આવે છે તે વાત કરીશ. બાળકોને વ્યવસાય કારણો ચાર્ટ બનાવી તેમણે તેના વિષે પૂછીશ. કોણ શું કામ કરે છે સમય બદલાતા પહેલા ચૂલ, ગેસ, પહેલા શૌચાલય અને હાલ ના શૌચાલય ઘર વગેરે બદલાવ થાય તે ઉદાહરણો આપી વિદ્યાર્થીઓને સમજ આપી ચર્ચા કરીશ. વર્ગ માં કેટલાક નાના પ્રશ્નો પૂછી તેમના વિચારો વ્યક્ત કરવા જણાવીશ. શાળા માં ઘર બનાવવાની પ્રવૃતિ કરવી જેમાં દિવાસળી ના બોક્સ જૂન કાપડ, નાના ટુકડા માટે લાકડું, માટી રંગ, ચંપલ ના બોક્સનો ઉપયોગ કરવા કહીશ. નજીક માં બાંધકામ ના સ્થળે બાળકોની મુલાકાત કરાવીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ**

–

**મૂલ્યાંકન**

– નિલભાઈ એ ઘર બનાવવા કઈ કઈ વસ્તુનો ઉપયોગ કર્યો હતો ?

– અત્યારના સમય માં કેવા કેવા પ્રકાર ના ઘરો જોવા મળે છે શું છે ?

– બેલ શું છે ?

– હાલ નવા ઘર બનાવવા કઈ કઈ વસ્તુ ઉપયોગમાં લેવાય છે ?

– તમે મોત થઈને ક્યારહેવાનું પસંદ કરશો ?

– તમારું ઘર શાનું બનેલું છે ? શાળા માં ઘર બનાવો.

# વાર્ષિક માસવાર આયોજન

શિક્ષકો વિધાર્થીઓ માટે તમામ શૈક્ષણિક મટીરીયલ્સ એક જ જગ્યાએ મેળવવા **શિક્ષણસાગર એપ્લિકેશન** ડાઉનલોડ કરો.

shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education





**આવા દરેક ધોરણના વિષયવાર આયોજન શિક્ષણ સાગર એપ્લીકેશનમાં ઉપલબ્ધ છે.**